# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 10-09-2024 Morning : 7.45 to 7.55
Day : TUESDAY National News

## આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

****************************************************

- ✓ જીએસટી કાઉન્સિલે કેન્સરની દવાઓ પરનો ચીજવસ્તુ અને સેવા કર- GST 12 ટકાથી ઘટાડીને પાંચ ટકા કરવાનો નિર્ણય લીધો
- ✓ વિદેશ મંત્રી ડોક્ટર એસ જયશંકર આજથી જર્મનીની બે દિવસની મુલાકાતેઃ ટોચના નેતાઓ સાથે દ્વિપક્ષીય સંબંધો પર ચર્ચા કરશે
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પદ્મ પુરસ્કારો માટે પ્રેરણાદાયી વ્યક્તિત્વનું નામાંકન કરવા લોકોને વિનંતી કરી
- ✓ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં ઇન્ડિયન સાઇબર ક્રાઇમ કો-ઓર્ડિનેશન સેન્ટરનાં પ્રથમ સ્થાપના દિવસ સમારોહમાં સંબોધન કરશે
- ✓ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે ભારતમાં મન્કીપોક્સનાં પ્રથમ કેસની પુષ્ટિ કરીઃ આઇસોલેટેડ દર્દીનો રિપોર્ટ પોઝિટિવ
- ✓ પુરુષોની એશિયન ચેમ્પિયન હોકી ટુર્નામેન્ટની મેચોમાં વર્તમાન ચેમ્પિયન ભારતે જાપાન સામે 5-1થી ભવ્ય વિજય મેળવ્યો

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV.-GST-COUNCIL---MEETING

જીએસટી કાઉન્સિલે કેન્સરની દવાઓ પરનો ચીજવસ્તુ અને સેવા કર- GST – 12 ટકાથી ઘટાડીને પાંચ ટકા કરવાનો નિર્ણય લીધો છે. ગઈ કાલે નવી દિલ્હીમાં નાણા મંત્રી નિર્મલા સીતારમણનાં અધ્યક્ષપદે યોજાયેલી જીએસટી કાઉન્સિલની 54મી બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો.

બેઠક બાદ પત્રકાર પરિષદમાં સુશ્રી સીતારમણે જણાવ્યું કે, કેન્સરની સારવારનો ખર્ચ ઘટાડવા કેન્સરની દવાઓ પરનો જીએસટી દર ઘટાડવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું કે નાસ્તાઓ પરનો જીએસટી પણ 18 ટકાથી ઘટાડીને 12 ટકા કરવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું કે, જીવન અને આરોગ્ય વીમા પરનો દર ઘટાડવા મંત્રીઓનાં જૂથની રચના કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ જૂથ ઓક્ટોબર મહિનાના અંત સુધીમાં તેમનો અહેવાલ આપશે અને દર ઘટાડાનો નિર્ણય લેવા નવેમ્બર મહિનામાં બેઠક યોજાશે.

કાર સીટ પરનો જીએસટી દર 18 ટકાથી વધારીને 28 ટકા કરવામાં આવ્યો છે. રૂફ માઉન્ટેડ પેકેજ યુનિટ, રેલવે માટેનાં RMPU એર કન્ડીશનિંગ મશીન પર 28 ટકાનો દર લાગશે. કાઉન્સિલે કોમ્પેનસેશન સેસ અંગે મંત્રીઓનું જૂથ રચવાનો પણ નિર્ણય લીધો છે. નાણા મંત્રીએ જણાવ્યું કે, રેટ રેશનલાઇઝેશન અને રિયલ એસ્ટેટ અંગેનાં મંત્રીઓનાં જૂથે ગઇ કાલે તેનો અહેવાલ રજૂ કર્યો હતો. ઓનલાઇન ગેમિંગ અને કેસિનો પર ટેક્સ અંગેનો સ્ટેટસ રિપોર્ટ પણ રજૂ કરાયો હતો.

પૂલ – ANIL PATEL – NAVIN

# JAISHANKAR-GERMANY-VISIT

વિદેશ મંત્રી ડોક્ટર એસ જયશંકર આજથી જર્મનીની બે દિવસીય મુલાકાતે જશે. બર્લિનની મુલાકાત દરમિયાન ડૉક્ટર જયશંકર દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા કરવા અને સહયોગ માટે વધુ તકો ચકાસવાના ઉદ્દેશ્ય સાથે જર્મન ફેડરલ વિદેશમંત્રી અને અન્ય મુખ્ય નેતાઓને મળશે. વિદેશ મંત્રીની બર્લિનની મુલાકાત જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝની આગામી મહિને ભારતની પ્રસ્તાવિત યાત્રા માટેનો તખ્તો ઘડશે.

ઉલ્લેખનીય છે કે, જર્મની ભારતના મહત્ત્વના વેપારી ભાગીદારો પૈકીનું એક અને સીધા વિદેશી રોકાણ-FDIનું અગ્રણી સ્ત્રોત છે.

અગાઉ, ગઈ કાલે ડોક્ટર જયશંકરે પેલેસ્ટાઇનનાં મુદ્દે ભારતના સૈધ્ધાંતિક અને સાતત્યપૂર્ણ વલણનો પુનરોચ્ચાર કર્યો હતો અને શક્ય એટલી વહેલી તકે પ્રદેશમાં યુધ્ધવિરામની હાકલ કરી હતી. તેમણે જણાવ્યું કે, ગાઝાની વર્તમાન સ્થિતિ ભારતની પ્રાથમિક ચિંતા છે.

ત્રણ રાષ્ટ્રોની મુલાકાતનાં ત્રીજા અને અંતિમ તબક્કામાં ડોક્ટર જયશંકર 12 અને 13 સપ્ટેમ્બરનાં રોજ જિનીવાની મુલાકાત લેશે, જ્યાં તેઓ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનાં વડાઓ અને પ્રતિનિધીઓ સાથે બેઠક કરશે.

પૂલ – ANIL PATEL – NAVIN

# MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 29મી તારીખે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ વિદેશનાં લોકો સમક્ષ તેમનાં વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 114મી કડી હશે. લોકો ટોલ ફ્રી નંબર 1800-11-7800 પર પોતાના વિચારો અને સૂચનો રજૂ કરી શકે છે. આ ઉપરાંત 1922 પર મિસ્ડ કોલ કરવાથી એસએમએસ પર મળેલી લિન્ક ઓપન કરીને પણ પ્રધાનમંત્રીને પોતાનાં સૂચનો રજૂ કરી શકાશે. આ ઉપરાંત, નરેન્દ્ર મોદી એપ અથવા માય જીઓવી ઓપન ફોરમ પર પણ ઓનલાઇન રજૂઆત કરી શકાશે. 27 સપ્ટેમ્બર સુધી સૂચનો સ્વીકારવામાં આવશે.

મન કી બાત કાર્યક્રમનું પ્રસારણ 29 સપ્ટેમ્બરે સવારે 11 વાગે આકાશવાણી અને દૂરદર્શનનાં તમામ નેટવર્ક, એઆઇઆર ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ પર કરવામાં આવશે. આ ઉપરાંત એઆઇઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી પ્રસારણ મંત્રાલયની યુ ટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. હિન્દી પ્રસારણ બાદ તરત જ આકાશવાણી પર પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

રીપીટ

# PM-SEMICON

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતી કાલે ગ્રેટર નોઈડામાં ઈન્ડિયા એક્સ્પો માર્ટ ખાતે સેમિકોન ઈન્ડિયા 2024નું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે તેઓ ઉપસ્થિતોને પણ સંબોધિત કરશે.

સેમિકોન ઈન્ડિયા 2024નું આયોજન 11મીથી 13મી સપ્ટેમ્બર દરમિયાન “શેપિંગ ધ સેમિકન્ડક્ટર ફ્યુચર” થીમ સાથે કરવામાં આવી રહ્યું છે. ત્રણ દિવસની આ કોન્ફરન્સમાં ભારતની સેમિકન્ડક્ટર વ્યૂહરચના અને નીતિ રજૂ કરવામાં આવશે, જે ભારતને સેમિકન્ડક્ટર માટે વૈશ્વિક હબ બનાવવાનો લક્ષ્ય ધરાવે છે.

કોન્ફરન્સમાં 250થી વધુ પ્રદર્શકો અને 150 વક્તાઓ ભાગ લેશે.

પૂલ – ANIL PATEL – NAVIN

# PM PEOPLES PADMA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકોને પદ્મ પુરસ્કારો માટે પ્રેરણા દાયક વ્યક્તિઓનું નામાંકન કરાવવા અપીલ કરી છે. આ એવોર્ડ માટે અરજી કરવાનો છેલ્લો દિવસ 15મી સપ્ટેમ્બર છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ આ પુરસ્કાર માટે સંખ્યાબંધ નામાંકન થવા અગે ખુશી પણ વ્યક્ત કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે છેલ્લા એક દાયકામાં, સરકારે પાયાના સ્તરે કામગીરી કરનારા અનેક લોકોને પીપલ્સ પદ્મથી સન્માનિત કર્યા છે.

તેમણે ઉમેર્યું હતું કે પુરસ્કાર મેળવનારાઓની જીવનયાત્રા અસંખ્ય લોકો માટે પ્રેરણાદાયી હોય છે.. કાર્યપ્રણાલીને વધુ પારદર્શક અને સહભાગી બનાવવાની ભાવના સાથે સરકાર વિવિધ પદ્મ પુરસ્કારો માટે અન્ય લોકોને નામાંકન માટે આમંત્રિત કરી રહી છે એમ પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું https://awards.gov.in. પર પદ્મ પુરસ્કાર માટે નામાંકન કરી શકાય છે.

પૂલ – અનિલ, નવીન

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરી શકો છો...

. . . . . . . . . . . . . . .

ડેસ્ક

# SHAH-I4C CONEFERENCE

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં ઇન્ડિયન સાઇબર ક્રાઇમ કો-ઓર્ડિનેશન સેન્ટર- I4C નાં પ્રથમ સ્થાપના દિવસની ઉજવણીમાં સંબોધન કરશે. આ પ્રસંગે શ્રી શાહ સાઇબર ક્રાઇમ અંગેની મહત્વની પહેલો શરૂ કરાવશે અને સાઇબર ફ્રોડ મિટિગેશન સેન્ટર- CFMC રાષ્ટ્રને સમર્પિત કરશે.

શ્રી શાહ સાઇબર ક્રાઇમ ડેટાનાં રિપોઝીટરી, શેરિંગ, મેપિંગ અને એનાલિટિક્સ માટેનું વેબ આધારિત મોડ્યુલ સમન્વય પણ લોંચ કરશે. આ પ્રસંગે તેઓ સાઇબર કમાન્ડો પ્રોગ્રામનું ઉદઘાટન પણ કરશે. આ ઉપરાંત તેઓ ફ્રોડ રિસ્ક મેનેજમેન્ટને મજબૂત કરવા માટેની નવી પહેલ સસ્પેક્ટ રજીસ્ટ્રીનું પણ ઉદઘાટન કરશે.

પૂલ – ANIL PATEL – NAVIN

# AMIT SHAH LANGUAGE

ગૃહમંત્રી અમિત શાહ રાજભાષા પરની સંસદીય સમિતિના અધ્યક્ષ તરીકે સર્વસંમતિથી ફરીથી ચૂંટાઈ આવ્યા છે. શ્રી શાહે જણાવ્યું હતું કે 2047 સુધીમાં દેશનું સમગ્ર સરકારી તંત્ર ભારતીય ભાષાઓમાં કામ કરશે એવાં ધ્યેય સાથે સરકાર આગળ વધી રહી છે. તેમણે જણાવ્યું કે, સત્તાવાર ભાષા અંગેનો વિભાગ એવું સોફ્ટવેર વિક્સાવી રહ્યો છે, જે આઠમી સૂચિમાં સમાવિષ્ટ તમામ ભાષાઓનો ટેકનિકલ ધોરણે અનુવાદ કરશે.

નવી સરકારની રચના થયા બાદ ગઈ કાલે નવી દિલ્હીમાં સત્તાવાર ભાષા અંગેની સંસદીય સમિતિની પુનરર્ચના માટેની બેઠક યોજાઈ હતી. શ્રી શાહ વર્ષ 2019થી 2014 દરમિયાન પણ આ સમિતિના અધ્યક્ષ હતા.

પૂલ – ANIL PATEL – NAVIN

# JAMMU

જમ્મુ કાશ્મીર વિધાનસભા ચૂંટણીમાં 26 બેઠકો માટે બીજા તબક્કા માટે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાનાં છેલ્લાં દિવસે ગઈ કાલે 27 ઉમેદવારોએ ઉમેદવારી પાછી ખેંચતા 239 ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. 25 સપ્ટેમ્બરે બીજા તબક્કામાં મતદાન થશે. આકાશવાણીનાં જમ્મુ પ્રતિનિધીનાં જણાવે છે કે સૌથી વધુ 9 ઉમેદવારોએ બડગામ જિલ્લામાંથી ઉમેદવારી પાછી ખેંચી છે.

દરમિયાન કોંગ્રેસ ત્રીજા તબક્કા માટે 19 ઉમેદવારોની યાદી પ્રસિદ્ધ કરી છે. જેમાં 6 ભૂતપૂર્વ મંત્રીઓનો સમાવેશ થાય છે.

પૂલ – ANIL PATEL – NAVIN

# AAP- HARYANA LIST

હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે આમ આદમી પાર્ટીએ ગઈકાલે 20 ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. પાર્ટીએ રોહતક સીટ પરથી બિજેન્દર હુડ્ડાને મેદાનમાં ઉતાર્યા છે, જ્યારે ઈન્દુ શર્મા ભિવાની સીટથી ચૂંટણી લડશે. પવન ફ્રૈજીને ઉચાના કલાન સીટથી અને જયપાલ શર્માને ઘરૌંડા સીટ પરથી પાર્ટીના ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા છે.

પુલ, હર્ષલ પંડ્યા,(પ્રવિણ)

# MPOX CASE

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું છે કે, આઇસોલેટ કરવામાં આવેલા દર્દીમાં એમ-પોક્સ ક્લેડ ટુની હાજરી હોવાની પુષ્ટિ થઈ છે. દર્દીને પ્રવાસ દરમિયાન ચેપ લાગ્યો હોવાની પુષ્ટિ થઈ છે. હાલમાં મન્કીપોક્સનું સંક્રમણ ધરાવતા દેશનો પ્રવાસ કરનારા આ યુવા પુરુષ દર્દીને આઇસોલેશન સુવિધા ધરાવતા વિશેષ વોર્ડમાં રાખવામાં આવ્યા છે. દર્દીની સ્થિતિ સ્થિર છે.

મંત્રાલયે જણાવ્યું કે, હાલમાં દેશનાં નાગરિકો માટે કોઈ વ્યાપક સંક્રમણનાં જોખમનો સંકેત નથી અને રોગનો ફેલાવો અટકાવવા તમામ તૈયારી પૂર્ણ કરવામાં આવી છે.

પૂલ – ANIL PATEL – NAVIN

# HOCKEY-ASIA-CHAMPIONSHIP

હોકીમાં ગઈ કાલે ચીનનાં હુલુનબુઇરમાં રમાયેલી પુરુષોની એશિયન ચેમ્પિયન ટ્રોફી ટુર્નામેન્ટની પોતાની બીજી મેચમાં વર્તમાન ચેમ્પિયન ભારતે જાપાન સામે 5-1થી ભવ્ય વિજય મેળવ્યો હતો.

ચાર વારનાં ચેમ્પિયન ભારતે અગાઉ પ્રથમ મેચમાં ચીનને 3-શૂન્યથી પરાજય આપ્યો હતો. હરમનપ્રીત સિંહનાં નેતૃત્વ હેઠળની ટીમ આવતી કાલે મલેશિયા સામે રમશે.

પૂલ – ANIL PATEL – NAVIN

# REV.-UTTARAKHAND-STONE-FALL

ઉત્તરાખંડના સોનપ્રયાગ-મુંકટિયા વિસ્તારમાં ભુસ્ખલન ઝોનમાં ગઈ કાલે પર્વત પરથી પથ્થર પડતાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું અને અન્ય બે વ્યક્તિને ઇજા થઈ હતી. ઇજાગ્રસ્તોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ આ દુર્ઘટના અંગે શોક વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે, ઘટનાની જાણ થતાં એસડીઆરએફ, એનડીઆરએફની ટીમ અને સોનપ્રયાગના સેક્ટર મેજીસ્ટ્રેટને બચાવકાર્ય માટે તાત્કાલિક રવાના કરવામાં આવ્યા હતા.

પૂલ – ANIL PATEL – NAVIN

## હવે આજના અખબારોના મુખ્ય સમાચારો સાથે

## મારા સહયોગી નિકીતા શાહ

- GST કાઉન્સીલની ગઈકાલે મળેલી બેઠકના સમાચાર તમામ અખબારોએ હેડલાઈનમાં લીધા છે.
- ગુજરાત સમાચાર લખે છે – સ્વાસ્થ્ય વીમા પર GST નહીં ઘટે – પરિષદનો યુ-ટર્ન, દિવ્ય ભાસ્કર લખે છે – કેન્સરની દવા પરનો GST 12 ટકાથી ઘટાડી 5 ટકા કરાયો – વીજ જોડાણનો 18 ટકા ટેક્સ રદ
- સંદેશ લખે છે – હેલ્થ પ્રીમીયમ પર GST ઘટાડવા મુદ્દે સરકાર પાણીમાં બેઠી.
- મંકી પોક્સ અંગે નવગુજરાત સમયની હેડલાઈન છે – ભારતમાં ઘાતક મંકી પોક્સ ચેપી રોગનો પ્રથમ કેસ મળતાં ચકચાર
- દિવ્ય ભાસ્કર લખે છે – મંકી પોક્સ મુદ્દે કોવિડ જેવું એલર્ટ – એડવાઈઝરી જાહેર
- કોલકતા મહિલા તબીબ દુષ્કર્મ કેસ સંદર્ભે નવગુજરાત સમયની હેડલાઈન ફરજના ભોગે વિરોધ પ્રદર્શન ના કરાય – ડોકટરોને હાજર થવા સુપ્રીમનો આદેશ
- દિવ્યભાસ્કરની અન્ય હેડલાઈન છે – ભારતમાં વિશ્વનું સૌથી વધારે અધધ 93 લાખ ટન પ્લાસ્ટીક પ્રદૂષણ
- મણીપુરમાં ચાલી રહેલી અશાંતિ અંગે દિવ્ય ભાસ્કર લખે છે – મણિપુરમાં અરાજકતા CRPF પર હુમલો – રાજભવન પર પથ્થરો ફેંકાયા.